અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/ ૩૦૫૫-૮૯

ગુજરાત માધ્યમિક અને,
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૨૩/૦૮/૨૦૧૯.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી અમલમાં આવેલ ધોરણ-૧૦ની પરીક્ષા પદ્ધતિ અંગે BISAG ના માધ્યમથી માર્ગદર્શન આપવા બાબત.

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે સરકારશ્રી દ્વારા મળેલ મંજૂરી અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી ધોરણ-૧૦માં નવી પરીક્ષા પદ્ધતિનો અમલ કરવામાં આવેલ છે. જેમાં પ્રશ્નપત્રમાં ૨૦% હેતુલક્ષી અને ૮૦% વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવેલ છે. માર્ચ-૨૦૨૦ની પરીક્ષા માટે ધોરણ-૧૦ના મુખ્ય વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાણ તથા અમલ સારૂં આપને મોકલી આપવામાં આવેલ છે. જે બાબતથી આપ સુવિદિત છો.

ધોરણ-૧૦ની પરીક્ષા પદ્ધતિ અંગે શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળી રહે તે હેતુથી બોર્ડ દ્વારા તા.૨૭/૦૮/૨૦૧૯ના રોજ ૧૧:૦૦ કલાકે BISAG ના માધ્યમથી તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવા અંગેના કાર્યક્રમનું જીવંત પ્રસારણ વંદે ગુજરાત ચેનલ-૧૦ પરથી કરવામાં આવનાર છે. ઉક્ત કાર્યક્રમ આપના તાબાની તમામ માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ અચૂક નિહાળે તે માટે આપની કક્ષાએથી જરૂરી સૂચના આપવા વિનંતી છે.

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ સવિનય રવાના :- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.